| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૯/૦૭/૨૦૨૩  રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૧૧૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૨ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૫૬૯ લીટર દેશી દારૂ, ૬૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૫ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૧૧૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૧૧૨૦/૨૦૨૩

**સોલા હાઇકોર્ટઃ** બિનોય રાજુભાઇ (રહે,વ્રજ હોમ્સ, શાંતિ સ્કુલ રોડ, શેલા બોપલ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓગણજ સેન્ટ મેરી હાયર સેકન્ડરી સ્કુલના પાછળના ગેટનુ તાળુ તોડી, ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ એડમિન ઓફિસના દરવાજાનુ તાળું અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

### સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-  સમાચાર યાદી નં.૧૧૨૧/૨૦૨૩

**નરોડાઃ** વિશાલભાઈ મુળજીભાઈ ચૌધરી (ઉ.વ.૩૬)(રહે, શિવાલીક હાઇટ્સ ફ્લેટ, સોમેશ્વર મહાદેવ મંદીર સામે, ન્યુ શાહીબાગ, નાના ચિલોડા, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે નરોડા નાના ચિલોડા શિવાલીક હાઇટ્સ ફ્લેટના ગેટ સામે સોમેશ્વર મહાદેવ મંદીર નજીકથી વિશાલભાઇના માતા ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ વિશાલભાઇના માતાના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૭૭,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**પર્સ ખેંચી ઝુંટવી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૨/૨૦૨૩**

**આનંદનગરઃ** પંક્તિબહેન ડો/ઓ જીગરભાઈ ઝવેરી (ઉ.વ.૨૩)(રહે.પાર્શ્વ ટાવર પારેખ્સ હોસ્પિટલ સામે સેટેલાઈટ) તા.૦૮/૦૭/૨૦૨૩ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે પ્રહલાદનગર ફાયર સ્ટેશન સામે એચ.ડી.એફ.સી.બેંક નજીકથી પસર થઈ રહયા હતા ત્યારે એક સ્કુટી ઉપર આવેલ બે પુરૂષ પંક્તિબહેનની એક્ટિવાના આગળના ભાગે મુકેલ બેગ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. જે બેગમાં એપલ કંપનીનુ લેપટોપ અને ચાર્જર કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/-, વન પ્લસ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૨૫૦૦/- અને અગત્યના દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ પંક્તિબહેન ઝવેરીએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૩/૨૦૨૩**

**કાગડાપીઠઃ** દતાબહેન વા/ઓ જયેશભાઈ આચાર્ય (ઉ.વ.૫૮)(રહે.શિવચંદન સોસાયટી, સેકટર નંબર-૯, શાંતિનગર, મિરા રોડ, મુંબઈ, મહારાષ્ટ્ર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૩ સવારના ૬/૨૦ થી ૬/૪૫ વાગ્યા દરમ્યાન ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન પ્લેટફોર્મ નં.૨૧,૨૨ ખાતે બસમાં બેસતી વખતે અજાણી વ્યક્તિ દતાબહેનની નજર ચુકવી નાનું લેડીઝ પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. જે પર્સમાં (૧) રોકડ રૂપિયા ૪,૫૦૦/- (૨) સોનાનું પેંડલ સાથેનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૫૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૪/૨૦૨૩**

**નારણપુરાઃ** ફૈયાજઅહેમદ અબ્બાસઅલી મન્સુરી (રહે.જ્યુપીટર મીલની ચાલી, દુધેશ્વર રોડ, શાહીબાગ) એ તા.૦૬/૦૭/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે નારણપુરા સ્વાતંત્ર્ય સેનાનીનગર સોસાયટી સામે રેલ્વે લાઈનની બાજુમાં ખુલ્લી જગ્યામાં પોતાની હ્યુન્ડાઇ કંપનીની આઇ/૨૦ કાર નંબર જીજે.૦૧.આરયુ.૦૫૦૪ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૦૭/૦૭/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ફૈયાજઅહેમદ મન્સુરીએ તા.૦૮/૦૭/૨૦૨૩ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાટ ચલાવે છે.

**ટ્રેઇનની અડફેટે આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૫/૨૦૨૩**

**સાબરમતીઃ** વિવેકસિંહ મફતલાલ દલાલ (ઉ.વ.૪૧)(રહે.પ્લોટ નં-૧૧૪૯ સવસ્તીક સોસાયટી સેકટર-૨૭ ગાંધીનગર) તા.૦૭/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૧૩ વાગ્યા પહેલા સાબરમતી કાળીગામ ગરનાળા ઉપર ઇલેટ્રીક પો.નં-૭૭૮/૨૧ થી ૭૭૮/૨૩ વચ્ચે ટ્રેઇનની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસમાત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદભાઇ ચંદુભાઇ ચલાવે છે.

**ટાંકીમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૬/૨૦૨૩**

**નારોલઃ** નારોલ સૈજપુર-ગોપાલપુર ગામ મમતા કિરાણા સ્ટોર્સ પાછળ ભાડાના મકાનમાં રહેતા ગૌરીબહેન લલ્લુઘસીટા કુશવાહ (મુળ વતન. ગામ-નંગારા ડાંગ, તા.મહુવા જી.મહોવા (યુ.પી.) નાઓનો ત્રણ વર્ષનો પૌત્ર વિશાંત તા.૦૮/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે પાણીની ખુલ્લી ટાંકીમાં પડી જતા પાણીમાં ડૂબી જતા સારવાર અર્થે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.પઠાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૨૭/૨૦૨૩**

**શાહપુરઃ** હિતેશભાઇ બાબુભાઈ દાતણીયા (ઉ.વ.૨૪)(રહે.રમેશ-કણજીચોક શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસમાત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**નિકોલઃ** ચાંદનીબહેન વા/ઓ નરવિરભાઈ રાજપુત (ઉ.વ.૨૬)(રહે.ઉમિયા પાર્ક સોસાયટી, રોડ નંબર-૫ પાસે, કઠવાડા જી.આઇ.ડી.સી કઠવાડા તા.દસક્રોઈ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૭/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસમાત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.શીયાળ ચલાવે છે.

**ઓઢવઃ** આકાશ સ/ઓ જગદીશભાઈ પુરોહિત (ઉ.વ.૨૫)(રહે.કુંદનગર ગીતાગૌરી સિનેમાં પાછળ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૩૦ થી તા.૦૮/૦૭/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી